# Fun With Family


Day-25 | 23 April, 2020



## "FWF Song"

મમ્મી-પપ્પા, બહેન-ભાઈ,
સૌને નવી વાત જણાઈ,
અણધાર્યું જે મળ્યું વેકેશન,
કરીએ સુંદર ફેમીલી સેશન...
Please Welcome Fun With Family...






## "રક્ષા કરો"

બાળમિત્રો, આ મહામુશ્કેલીનો જલ્દી
ખાતમો થઈ જાય તેવી પ્રાર્થના સાથે
આજે ૧૧ માળા કરીશું...
ઘરમંદિર પાસે બેસી...
ગૌમુખીમાં માળા રાખી...
'સ્વામિનારાયણ' બોલતા...
માળા કરીશું...

## "સહજાનંદ ચરિત્ર માણીએ"

અહીં આજે આપના માટે ખૂબ જ
સુંદર ક્વીઝ મૂકવામાં આવી છે...
જેના દ્વારા તમને
ભગવાન સ્વામિનારાયણના જીવનની
થોડી બાબતો જાણવા મળશે...
લીંક દબાવો અને ક્વીઝ રમો...

https://bit.ly/3eEG7tU





## “સફાઈ સેવક”

બાળમિત્રો, આજે આપણી સ્કૂલની બેગ કાઢી
તેને વ્યવસ્થિત સાફ કરીશું... ધોઈશું...
પણ મમ્મી પાસેથી શીખીને જ કરીશું...

## “Google Map”

આજે એક Challenge છે...
હવે પપ્પાની મદદ લઈ
આપણે આપણા ઘરથી લઈને મંદિર
સુધી પહોંચવાનો આખો
Map બનાવવાનો છે...
જેમાં આપણું ઘર, રસ્તા અને મંદિર
એ વ્યવસ્થિત દોરીશું...
જો જો ખોવાઈ ના જતા...







## “Ready for Quiz”

આજે સત્સંગ વિહારનો
આગળનો પાઠ શીખીએ...

| | |
|---|---|
| Gujarati | https://bit.ly/2Kpm4Sv |
| Hindi | https://bit.ly/3eECN25 |
| English | https://bit.ly/3cCIUC4 |

## “નાનકડા દાદા-દાદી”

આજે આપણે દાદા-દાદી બનવાનું છે... જેમાં
બાળકો - દાદા જેવી ધોતી, ઝભ્ભો, વાળ,
દાઢી-મૂછ, ચશ્મા, ટોપી અને લાકડી...
બાલિકા - દાદી જેવી સાડી, ચશ્મા, વાળ,
ચપ્પલ વગેરે પહેરશે...
પણ બાળમિત્રો, અમને ફોટો મોકલવાનું ન ભૂલતા...
આબેહૂબ દાદા-દાદી બની દેખાડો.





## “ભમ ભમ ભજીયા”

આશ્ચર્ય, આશ્ચર્ય, આશ્ચર્ય...
આજે આપણા BAPS ના એક બાલિકા સભ્ય
આપણને સરસ મજાના ભજીયા બનાવતા શીખવાડશે...
ચાલો, શીખીએ... પણ હા...
બનાવીને ઘરના સભ્યોને જમાડજો પણ ખરા...
Good Luck...
વાહ... શું સુગંધ આવે છે ભજીયાની...!!



https://bit.ly/3eHuq5J

## “મનગમતો મુખપાઠ”

બાળમિત્રો, આજે અહીં જે શ્લોક આપ્યો છે તે મુખપાઠ કરીએ...

**શ્રી વાસુદેવ વિમલામૃત-ધામવાસં,**
**નારાયણં નરકતારણ-નામધેયમ્ ।**
**શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,**
**ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥**




## “Jumping Spoon”



**ચાલો, તૈયાર થઈ જાઓ રમત રમવા... લીંક દબાવો અને રમત શીખો...**

https://bit.ly/2xPYdbQ

## “એ...ગયું”

આજે આખા પરિવાર માટે એક
જબરદસ્ત Challenge આવી ગઈ છે...
લીંક દબાવો અને Challenge સ્વીકારો...

https://bit.ly/3cFnBQq







## “Easy Drawing”

એકદમ Easy Drawing
બનાવતા શીખવું છે...
થઈ જાઓ પેપર-પેન્સીલ લઈ તૈયાર...
આ લીંક દબાવો અને શીખો...
પણ જોરદાર Practice કરશો તો ખૂબ
જ સુંદર ડ્રોઈંગ બનાવી શકશો...

https://bit.ly/350WoF1

# ફૂલો નો રાજા ‘ગુલાબ’



● ગુલાબ સૌને ગમતું ફૂલ છે. તેની ૧૫,૪૭૦ જેટલી જાતો જોવા મળે છે.

● વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ સફરજન પણ ગુલાબની જ એક જાત ગણાય છે !



● રોમન પ્રજા પ્રાચીન કાળમાં ગુલાબની પાંખડીઓ વરસાવી મહેમાનોનું સ્વાગત કરતી. પ્રાચીનકાળમાં ગુલાબજળથી સ્નાન કરવાની પરંપરા હતી.

● ગુલાબમાંથી બનતું ગુલકંદ શક્તિદાયક ઉત્પાદન છે. ગુલાબના ફૂલમાં વિટામિન સી હોય છે. જે દવા બનાવવામાં ઉપયોગમાં આવે છે.

● ગુલાબ શ્રીજીમહારાજના યોગથી પ્રાસાદિક થયેલ છે.



● પૃથ્વી પરનાં ફૂલોમાં માત્ર ગુલાબનું ફૂલ જ એવું છે, જે કાળા રંગમાં પણ જોવા મળે છે.

● પુરાતત્ત્વશાસ્ત્રીઓને ૩૦ લાખ વર્ષ પુરાણું ગુલાબનું અશ્મિ મળી આવ્યું છે. જે સાબિત કરે છે કે એટલાં વર્ષો પહેલાં પણ ગુલાબનાં ફૂલ હતાં.



● વિશ્વનો સૌથી મોટો ગુલાબનો બગીચો ઇટાલીના કેરીગ્લિયામાં છે. જેમાં ૭૫૦૦ જાતના ગુલાબ ઊગે છે.

● વિશ્વનો સૌથી જૂનો ગુલાબનો છોડ જર્મનીના હાઇલ્ડેશિયમ કેથેડ્રલમાં છે. જે સને ૮૧૫ માં ઉગ્યો હોવાનું મનાય છે.



● ‘પ્રાઇમ રોઝ’ કહેવાતું ગુલાબનું ફૂલ સંધ્યાસમયે ખીલે છે. રાતરાણીનું ફૂલ અડધા કલાકે ધીમે ધીમે ખૂલે છે, જ્યારે પ્રાઇમ રોઝ એકદમ સ...ટા...ક્ કરતું ખૂલે છે. અને પરપોટો ફૂટતો હોય તેવો અવાજ પણ કરે છે.



# My Guru My Life

નાના નાના બાળકો અને સ્વામીશ્રી
વચ્ચે ખૂબ જ સુંદર પ્રશ્નોત્તરી થઈ છે...
ચાલો, આજે તેને માણીએ.

https://bit.ly/2VO3AQF







**આનંદો, આનંદો, આનંદો...**

આવતી કાલે **'Family Sports Day'** છે...
જેમાં ઘણી બધી રમતો આપણે રમીશું...
પણ આજે તે **Sports Day** માટેનું
**Banner** આખા પરિવારે
મળીને તૈયાર કરવાનું છે...
કરી દો તૈયારી શરૂ...
ખૂબ ખૂબ ખૂબ મજા આવશે...



# ગોટાળો ટાળો

નીચે ૧૬ માંગલિક શબ્દોને લઇને અમુક વ્યક્તિઓ દોડી રહ્યા છે.
પરંતુ એ શબ્દો સમજાય તેવા નથી. કારણ કે તેના અક્ષરો અસ્તવ્યસ્ત થઇ ગયા છે.
ઝડપથી તેને ઓળખી લ્યો.




## ... કાચમાં જોઇને વાંચો...

Fun with Family માં આજે આપને
ખૂબ ખૂબ મજા આવી [illegible].. [illegible]??? આવો ને આવો
[illegible]
[illegible]
[illegible]... જય સ્વામિનારાયણ

# સોબત તેવી અસર

Story Time



૧

એક ગામ હતું. ચોરોનું ગામ. આ ગામમાં બધા ચોરી કરવાનો ધંધો કરે. દરરોજ બધા ગામના પાદરે ભેગા થાય. ચોરી કરવાના નવા-નવા પેંતરા ઘડે. કયા ગામે, ક્યાં અને ક્યારે ધાડ પાડવી ? તેની યોજનાઓ ઘડે.

આ ગામમાં એક જ્યોતિષ આવીને રહ્યા. તેઓ ચોરોને ચોઘડિયું જોઈ આપતા. ચોરી કરવા માટે કયો સમય ઉત્તમ છે ? તે કહી આપતા. હવે ચોર જ્યારે ક્યાંય ચોરી કરવા જતાં તે પહેલાં જ્યોતિષને પૂછી લેતા કે તેમની ચોરી સફળ થશે કે નહીં ?



૨



૩

જ્યોતિષના ભવિષ્યકથનથી ચોર લોકો સફળ થવા લાગ્યા. ચોરીના ધનમાંથી થોડુંઘણું ધન તેઓ જ્યોતિષને આપતા. એકવાર જ્યોતિષે વિચાર્યું, 'જો સારું ચોઘડિયું જોઈને હું જાતે જ ચોરી કરવા જાઉં તો...? બધું ધન મને એકલાને જ મળે...!'

બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.



૪

આમ, વિચારી એક રાત્રે જ્યોતિષ રાજાના મહેલમાં ઘૂસ્યા. પણ અચાનક રાજા જાગી જતાં જ્યોતિષ પલંગ નીચે સંતાઈ ગયા. રાજા ચાર કડીનો એક શ્લોક બોલતા હતા, જેનો ગુજરાતી અર્થ આ પ્રમાણે છે :

મારી પાસે પુષ્કળ ધનસંપત્તિ છે, સુંદર અને સુશીલ પત્ની તથા આજ્ઞાંકિત પુત્ર છે. પ્રજામાં પણ ઘણી નામના છે...પણ....? રાજા આગળ ચોથી પંક્તિ યાદ કરતો રહ્યો પણ કંઈ સૂઝતું નહીં. સંતાયેલા જ્યોતિષ વિદ્વાન હતા. તેનાથી સહન થયું નહીં એટલે તરત જ તેઓ બહાર નીકળ્યા.



૫



૬

ખૂટતી ચોથી કડી રાજાને સં ભળાવી કે, 'જ્યારે આંખ મીંચાશે (મૃત્યુ આવશે) ત્યારે આમાંનું કાંઈ નહીં રહે.' રાજા ખુશ થઈ ગયો. તે ભૂલી ગયો કે જ્યોતિષ તેના મહેલમાં ચોરી કરવા આવ્યા હતા. રાજાએ તેની વિદ્વત્તા જોઈ તેમને મોટું ઇનામ આપ્યું.

બોધ : ચોરની સોબતથી વિદ્વાન બ્રાહ્મણ પણ ચોર બન્યો, માટે જ કહેવાય છે કે સોબત તેવી અસર. તથા ધન, પત્ની, પુત્રો વગેરે બધું એકવાર છોડીને જવાનું જ છે. માટે ભગવાન ભજી લેવા.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Plant From The Seed




In India, there was a village named Raanakpur. The king of that village was Randhirsinh. He had no children and was getting old. He knew he would need an heir soon. He decided to make someone from the village the prince.




The king called for children who were about ten years old to be brought to him. The king was very clever. He set up a challenging task for the children. He gave each child a seed from a plant. He told them to come back in a month after the seed had become a plant.




All the kids went home and planted their seed. Out of these children, there was a child named Harishchandra. Just like the other children, he planted his seed. Days went by and the children eagerly awaited for their plants to grow. One entire month passed.

**Friends, today you have to prepare this story and present it to the parents.**

On the final day all the kids got together to compare their plants. Many had plants that had grown over one foot and the children were happy with their beautiful plants. That is, everybody except Harishchandra. His seed had not grown into a plant. Despite much care and attention, his plant did not sprout.







Harishchandra was very sad. He grieved to his mother, “Mother! How will I face the king? What answer will I give him?” His mother told him with courage, “Son! Don’t be scared. Go to the king and tell him the truth.” All the children went back to the king’s palace.

When the king looked at all the plants, he started laughing uncontrollably. The king called Harishchandra near him and asked him why his seed hadn’t grown into a plant. Harishchandra spoke the truth. He told the king, “O King! I tried to grow a plant from the seed you gave me, but it just would not grow! Despite my efforts, it would not sprout!”







The king then told them the truth, “Kids! I gave you roasted seeds. Roasted seeds never grow. Those plants that you have brought are not from the seeds I gave you. Thus, all but one of you have lied to me. The one who was truthful is Harishchandra. Only he is fit to be the prince.” The children were ashamed of themselves for cheating the king and asked for forgiveness. The king made Harishchandra the prince.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**

# "સંપથી બનેલી વાર્તા"

બાળમિત્રો, સંપદિનના દિવસે સંપ વિષય ઉપર એક પારિવારિક વાર્તા બનાવવાની હતી. જે કોઈ મિત્રોએ તેમાં વાર્તા લખી મોકલી છે તેમને ખૂબ ખૂબ અભિનંદન... તેમાંથી પસંદ થયેલી એક વાર્તા અહીં રજૂ કરીએ છીએ.

## માતા-પિતાનો બાળકો પ્રત્યેનો પ્રેમ

ચીં... ચીં... કરતી ચકલીઓ બોલે છે. કા... કા... કરતા કાગડાઓ બોલે છે. સૂરજ પૂર્વ દિશામાં ઊગ્યો છે ને સવારના પહોરમાં દરેક ઘરમાં પાઠ-પૂજા, આરતીની ઘંટડીના રણકાર સંભળાય છે. આ દૃશ્ય છે એક સુંદર મજાના શહેરનું. જ્યાં આખો દિવસ લોકો દોડધામની જીંદગી જીવી રહ્યા છે. ત્યાં સવારના જ આવું દૃશ્ય જોવા મળે છે. ને સાંજ પડતા તો બધા જ પોતાના ઘરમાં પહોંચતા સુધી તો અડધી લાઈફ પૂરી થઈ ગઈ હોય તેવો અહેસાસ થાય છે.

આ વાત છે મુંબઈ શહેરની. તેમાં એક નાનું એવું ઘર હતું. તેમાં માતા-પિતા ને પોતાનો એક બાળક રહેતા હતા. આ બાળકમાં તેમને દિકરી હતી. તેને ઢીંગલીનો બહુ જ શોખ હતો. દરરોજ તે ઢીંગલી લઈને સૂઈ જતી. એક દિવસ તે લઈને સૂતી, પરંતુ સવારના ઊઠતા ઢીંગલી ન મળી એટલે તેની મમ્મી ચિંતા કરવા લાગી. ઢીંગલી ક્યાં ગઈ હશે ? તે શોધવા લાગી પણ ન મળી. અંતે તે ચિંતા કરવા લાગી.

અને શોધતા શોધતા ઢીંગલી ન મળતા તેની દીકરી રડી રડીને બિમાર પડી ગઈ. તેને નવી ઢીંગલી નહોતી જોઈતી, તે જ જોઈતી હતી.

થોડા દિવસ બાદ તે ઢીંગલી મળી ત્યારે તેના શરીરમાં જીવ આવ્યો. દવા કરવાથી જલ્દી સાજી ન થતાં, ઢીંગલી મળવાથી સાજી થઈ ગઈ. ત્યારે તેની મમ્મીએ જ સમજાવ્યું કે બેટા તું પણ મારી ઢીંગલી છે. ભવિષ્યમાં તું ગમે ત્યાં જાય પણ પરત ન આવે ત્યાં સુધી મને પણ ન ગમે. તું જાય તો મને કહીને જાય કે, 'મમ્મા હું અહીંયા જાઉં છું. ફરી પરત આ સમયે આવી જઈશ.' ત્યારે મને શાંતિ થાય.

જુઓ, એક મા-બાપને પોતાના બાળકો ન આવે ત્યાં સુધી ચિંતા થાય છે. તો આપણે પણ સ્વામીશ્રીના બાળકો છીએ જ્યાં સુધી આપણે રેગ્યુલર નિયમ-ધર્મ ન પાળીએ કે સભામાં ન જઈએ ત્યાં સુધી સ્વામીશ્રીને પણ ચિંતા થતી હોય છે.

તો ચાલો, આજથી આપણે નિયમ લઈએ કે હું પણ નિયમ-ધર્મ બરાબર પાળીશ ને સભામાં રેગ્યુલર જઈશ.

**- Jeevika Solanki With Family**
**Mumbai**


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2xGvpTe



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. (**9998999209**)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ